# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-05-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે આવતીકાલે પ્રચારપડઘમ શાંત થશે, વિવિધ રાજકીય પક્ષોનાસ્ટાર પ્રચારકો દ્વારા મતદારોને રિઝવવાના પ્રયાસ
- ✓ DRDOએ ઓડિશાના કાંઠા વિસ્તારમાં હવાથી જમીન પર હુમલો કરવાની ક્ષમતા ધરાવતી પૂર્ણ સ્વદેશી મિસાઇલ 'રુદ્ર – 2'નું સફળ પરીક્ષણ કર્યું
- ✓ રાષ્ટ્રીય ટેલિ માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ચાલતી 'ટેલિ માનસ હેલ્પલાઇન'ને ઑક્ટોબર 2022થી અત્યારસુધીમાં વિક્રમજનક 10 લાખ ફોન કૉલ્સ મળ્યાં
- ✓ રેમલ ચક્રવાતને કારણે પૂર્વીય રાજ્યોમાં જીનજીવન ખોરવાયું, છેલ્લા 24 કલાકમાં 33નાં મૃત્યુ, કેટલાક વિસ્તારો હજી પણ સંપર્ક વિહોણા....
- ✓ અને રાજધાની દિલ્હીમાં આજે મહત્તમ 52.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું, ઉત્તર અને મધ્ય ભારતમાં ગરમી ઓછી થવાની હવામાન વિભાગની આગાહી.....

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## CAMPAIGN OVER ALL

**લોકસભા ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કા માટે પહેલી જૂનના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. આવતીકાલે સાંજે પ્રચાર પડઘમ શાંત થશે. આ પૂર્વે તમામ રાજકીય પક્ષોએ**

મતદારોને રિઝવવા છેલ્લી ઘડીના પ્રયાસો કરી રહ્યા છે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 57 બેઠકો માટે મતદાન થશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ચૂંટણી સભાઓ સંબોધી હતી. શ્રી મોદીએ ઓડિશાના કેન્દ્રપારામાં ચૂંટણી સભા સંબોધતા બીજુ જનતા દળ સરકારની નીતિઓની ટીકા કરી હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ ઝારખંડના દુમકામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. શ્રી નડ્ડાએ વિપક્ષના ગઠબંધનને ભ્રષ્ટાચારનું ગઠબંધન હોવાનો દાવો કર્યો હતો. શ્રી મોદીએ કહ્યું કે 4 જૂન બાદ ઓડિશા વિકાસની એક નવી સફર પર નીકળશે. તેમણે ઓડિશાની જનતાને મોટી સંખ્યામાં મતદાન માટેની અપીલ કરી હતી.

ભાજપના નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના રોબર્ટ્સગંજમાં ચૂંટણી પ્રચાર કર્યો તેમજ ગાઝીપુરમાં રોડ શૉ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે બિહારના બિક્રમગંજ અને કરકટ મત વિસ્તારમાં ચૂંટણી સભાઓ સંબોધી હતી.

તો કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પંજાબના લુધિયાણામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. શ્રી ગાંધીએ પંજાબમાં નશલી પદાર્થોની સમસ્યાને ગંભીર ગણાવી, તેને ડામવા માટે પગલાં લેવા પર ભાર મૂક્યો. વધુમાં તેમણે ખેડૂતોને ટેકાના ભાવ અને કૃષિ લોન આપવાનું વચન આપ્યું.

## KEJRIWAL BAIL

સર્વોચ્ચ અદાલત રજીસ્ટ્રીએ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વચગાળાના જામીન વધારવાની અરજી સંભાળવાનો ઇનકાર કરી દીધો હતો. તેમણે નાદુરસ્ત તબિયતનું કારણ આપતા, તબીબી તપાસ માટે જામીન વધારવા માટેની અપીલ કરી હતી. સર્વોચ્ચ અદાલત રજીસ્ટ્રીએ કહ્યું કે તેમને નિયમિત જામીન માટે ટ્રાયલ કોર્ટ જવાની છૂટ હોવાથી, અરજી પર સુનાવણી યોગ્ય નથી. કેજરીવાલને 10 મેના રોજ સર્વોચ્ચ અદાલતની એક ખંડપીઠે વચગાળાના જામીન આપ્યા હતા, અને 2 જૂનના રોજ તિહાડ જેલમાં આત્મસમર્પણ કરવા માટે કહ્યુ હતું. પીઠે 17 મેના રોજ ઇડી દ્વારા તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર ચૂકાદો સુરક્ષિત રાખ્યો હતો.

## DRDO _DRDO

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – DRDOએ આજે આડિશાના કાંઠા વિસ્તારમાં હવાથી જમીન પર મારણની ક્ષમતા ધરાવતી રુદ્ર એમ-2 મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ભારતીય વાયુ સેનાના એસયૂ – 30 એમ કે – વન પ્લેફોર્મથી મિસાઇલનું સફળ પરીક્ષણ કરાયું હતું. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે પરીક્ષણના તમામ હેતુઓ સિદ્ધ થયા છે.

રુદ્ર એમ-2 સ્વદેશી મિસાઇલ તકનીક છે. જેમાં ડીઆરડીઓની વિવિધ પ્રયોગશાળાઓમાં વિકસીત કરાયેલી અત્યાધુનિક સ્વદેશી તકનીકનો ઉપયોગ થયો છે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે મિસાઇલના સફળ પરીક્ષણ પર ડીઆરડીઓ, વાયુ સેના અને સંરક્ષણ ઉદ્યોગને શુભેચ્છા પાઠવી છે. ડીઆરડીઓના અધ્યક્ષ ડૉ. સમીર વી. કામતે સફળ ઉડ્ડયન પરીક્ષણમાં પ્રયાસો અને યોગદાન બદલ પોતાની ટીમનો આભાર માન્યો હતો.

## MANAS RECORD

રાષ્ટ્રીય ટેલી માનસિક આરોગ્ય કાર્યક્રમ, ટેલી માનસ હેલ્પલાઇનને 10 લાખથી વધારે કૉલ કરાયા હોવાનું આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે. ઑક્ટોબર 2022માં આ હેલ્પલાઇન લોન્ચ કરાઈ હતી. જેનો હેતુ દેશના નાગરિકોમાં માનસિક આરોગ્ય સેવાને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમ અંતર્ગત દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 51 જેટલા ટેલી માનસ સેલ સંચાલિત છે. આરોગ્ય મંત્રાલયના આંકડાઓ પ્રમાણે ટેલિ માનસને ફોન કરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. ડીસેમ્બર, 2022માં તે 12 હજાર હતી, જે મે 2024માં વધીને 90 હજાર સુધી પહોંચી હતી. આ આંકડાઓ દેશમાં માનસિક આરોગ્યને લઈને લોકોમાં આવી રહેલા બદલાવને દર્શાવે છે.

## RAJKOT GAMEZONE POLICE OFFICERS TRANSFER

ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાય આવતીકાલે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા IAS આનંદ પટેલ, રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના ત્રણ IPS અધિકારીઓની પૂછપરછ કરશે. રાજ્ય સરકારે ગેમઝોન દુર્ઘટના બાદ રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, પૂર્વ કલેક્ટર આનંદ પટેલ, પૂર્વ શહેર અધિક કમિશનર વિધિ ચૌધરી, ઝોન 2ના પૂર્વ નાયબ પોલીસ કમિશનર ડૉ. સુધીર દેસાઈની તાત્કાલિક અસરથી બદલી કરી હતી.

દરમ્યાન, રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 25 મૃતકોના મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 28 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે.

## IND REMAL

રેમલ ચક્રવાતને કારણે થયેલા ભારે વરસાદ તેમજ ભૂસ્ખલનને પગલે પૂર્વોત્તર ભારતમાં જીવનજીવન ખોરવાયું હતું. હવામાન વિભાગે ઉત્તર પૂર્વના રાજ્યોમાં રેડ અલર્ટ જાહેર કર્યું છે, જ્યાં છેલ્લા 24 કલાક દરમિયાન ચક્રવાતને કારણે ઓછામાં ઓછા 33 લોકોના મૃત્યુ થયા છે. અસમના મુખ્યમંત્રી ડૉ. હેમત બિસ્વા સરમાએ રાજ્યના પ્રભાવિત જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાનો બંધ કરવાનો આદેશ આપ્યો છે. ભૂસ્ખલનને કારણે બરાક ઘાટી, ત્રિપુરા, મણિપુર અને મિઝોરમનો ઉત્તરી આસમ તેમજ દેશના અન્ય ભાગો સાથેનો સંપર્ક તૂટી ગયો છે. બરાક ઘાટીમાં પૂર જેવી સ્થિતિ બનેલી છે. સાંજ સુધીમાં સિલ્ચરના અન્નપૂર્ણાઘાટમાં જળસ્તરનું નિશાન જોખમી સપાટી વટાવી ચૂક્યું છે.

## IMD- WEATHER (EARLY)

દિલ્હીમાં ભારે ગરમી બાદ ઠંડક પ્રસરી ગઈ છે. રાજધાનીમાં આજે મહત્તમ તાપમાન 52.3 ડિગ્રી સેલ્સિયસ નોધાયું હતું. જે બાદ સાંજે છૂટોછવાયો વરસાદ પડતા સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. હવામાન વિભાગે ઉત્તર અને મધ્ય ભાગોમાં તાપમાનમાં સતત ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગે એવું પણ કહ્યું છે કે દક્ષિણ પશ્ચિમી પવનો તેમજ અરબ સાગર તરફથી ઉત્તર મધ્ય ભારત તરફ ફૂંકાતા પવનને કારણે તાપમાન નીચું જઈ રહ્યું છે.

## *SBI GROWTH RATE*

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ નાણાકીય વર્ષ 2023-24નાં ચોથા ત્રિમાસિક ગાળામાં ભારતની કુલ આંતરિક પેદાશ (જીડીપી)માં 7.4 ટકા અને એકંદરે આઠ ટકાની વૃધ્ધિનો અંદાજ વ્યક્ત કર્યો છે.

એસબીઆઇનાં આર્થિક સંશોધન વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલો અહેવાલ ભારતમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિ વધી હોવા પર ભાર મૂકે છે. વાહનોનું વેચાણ, વિમાન પ્રવાસ, જીએસટી વસૂલાત, ક્રેડિટ કાર્ડ વ્યવહારો, પેટ્રોલિયમ પેદાશોનાં વપરાશ અને ટોલ ટેક્સમાં મજબૂત દેખાવ પરથી શહેરોમાં આર્થિક વૃધ્ધિનો સંકેત મળે છે. બીજી બાજુ,

ડિઝલનો વપરાશ અને દ્વિચક્રી વાહનોનાં વેચાણ પરથી ગામડાંઓમાં આર્થિક વૃધ્ધિનો સંકેત મળે છે.

## DUBAI INDIA

દુબઈમાં ભારત- સંયુક્ત અરબ અમિરાત વેપાર મંચનું આયોજન થયું હતું. જેમાં ભારતના એટર્ની જનરલ આર. વેંકટમણીએ વૈશ્વિક મૂડી આદોલનોને સુવિધાજનક બનાવવા મજબૂત કાયદાકીય માળખાની ભૂમિકા પર ભાર મૂક્યો. કાર્યક્રમમાં ભારતના કાયદાકીય સુધારાઓ અને વિદેશી રોકાણને આકર્ષિત કરવા માટે તેમની અસરો પર ભાર મૂક્યો. ઇન્ડિયન ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા ઉદ્યોગસાહસિકતા અને વૈશ્વિક વેપાર સંબંધોને પ્રોત્સાહન વિષય પર આધરિત આ કાર્યક્રમ બંને દેશો વચ્ચે આર્થિક સંબંધોને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો.

## PAKISTAN ACCIDENT

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા 28 લોકોના મોત, જ્યારે કે 20 મુસાફરો ગંભીર રીતે ઘવાયા હોવાના અહેવાલ છે. ક્વેટા જઈ રહેલી એક બસનું ટાયર ફાટતા તે પલટી ખાઈ ગઈ હતી. ઘાયલોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાજ શરીફ અને બલૂચિસ્તાનના મુખ્યમંત્રી મીર સરફરાઝ બુગતીએ દુર્ઘટનાને લઈને દુખ વ્યક્ત કર્યું હતું.

## JAMMU FIRE

જમ્મૂ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના જંગલોમાં દાવાનળ જેવી સ્થિતિ પેદા થઈ છે. જેને કારણે વન્યજીવો સહિત વન સંપદાને મોટા પાયે નુકસાન થયું છે. અમારા જમ્મૂના સંવાદદાતાના જણાવ્યા અનુસાર મંગળવારે ઉધમપુર અને જમ્મૂ જિલ્લા વચ્ચે આવેલા દારસૂ વનમાં લાગેલી આગ પાચથી છ ચોરસ કિલોમીટરમાં ફેલાઈ ગઈ છે. સ્થાનિક લોકોએ આગ બૂઝાવવા માટે વાયુ સેનાને મદદની અપીલ કરી હતી. આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી, જોકે સ્થાનિક લોકોનું કહેવું છે કે કેટલાક તોફાની તત્ત્વો દ્વારા જાણી જોઈને આ આગ લગાવવામાં આવી હતી. સ્થાનિક અગ્નિ શામક દળો, ઉપરાંત રાજ્ય બચાવ દળોના અથાગ પ્રયાસો છતાં આગ બેકાબૂ બની હતી.

## BOXING -ARUNDHATI

બૉક્સિંગમાં રાષ્ટ્રીય ચેમ્પિયન અરુંધતિ ચૌધરીએ આજે થાઈલેન્ડના બેંગકોકમાં પેરિસ ઑલિમ્પિક માટે યોજાયેલી વર્લ્ડ ક્વૉલિફાયરમાં... 66 કિલોગ્રામ વજન ક્ષેણીમાં શાનદાર પ્રદર્શન કરતા પ્રી – ક્વાર્ટરમાં સ્થાન મેળવી લીધું છે.

જોકે અન્ય ભારતીય ખેલાડી નરેન્દ્ર બેરવાલે 92 કિલોગ્રામ વજન શ્રેણીમાં ઇક્વાડોરના ખેલાડીને સારો પડકાર આપ્યો હતો. છતાં તેઓ આગળ વધવા માટે પૂરતા અંક ન મેળવી શક્યા.